R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction (મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

http://jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

ESTD.YEAR- 23•ISSUE: 36 DATE: 07-09-2019•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ? હા( )ના( )

If undelivered pl.return to
સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

# એનઆરસીની અંતિમ યાદીમાં આસામમાં હવે ૧૯ લાખ લોકો બાકાત :યાદી અનેક રીતે ભુલભરેલી હોવાનો દાવો,બાકાત લોકો ફોરેન ટ્રીબ્યુનલમાં જઇ શકશે

આસામમાં જારી કરાયેલી નેશનલ રજીસ્ટર ઓફ સિટીઝન્સ( એનઆરસી)ની અંતિમ યાદીમાં ૧૯લાખ લોકોની બાદબાકી થવા પામી છે.જેટલા લોકો બાકાત રહ્યા છે તેમનું ભાવિ અનિશ્ચિત બન્યું છે.

એનઆરસીમાં કુલ ૩૩૦૨૭૬૬૧ લોકોએ અરજી કરી હતી જેમાંથી ૩૧૧૨૧૦૦૪ લોકોનો સમાવેશ કરવામાં આવ્યો છે. અને ૧૯સપ૬સ૬૫૭ લોકો બાકાત રહી ગયા છે.ઉલ્લેખનીય છે કે જે લોકો એનઆરસીની યાદીમાં બાકાત રહી ગયા છે તેઓ ૧૨૦ દિવસની અંદર ફોરેનર્સ ટ્રીબ્યુનલમાં અપીલ કરી શકે છે. જો કે આસામ સરકારે એવી ધરપત આપી છે કે જ્યાં સુધી ફોરેનર્સ ટ્રીબ્યુનલ તેઓને ફોરેનર્સ જાહેર નહીં કરે ત્યાં સુધી બાકાત રહેલા લોકોની ધરપકડ કરવામાં નહીં આવે.

અગાઉ પુર્વ બંગાળ અને એ પછી પુર્વ પાકિસ્તાન તરીકે ઓળખાતા બાંગ્લા દેશથી આસામમાં માઇગ્રેશન થતું રહ્યું છે. ૧૯૫૧ની વસ્તી ગણતરી પ્રમાણે એ વર્ષે એનઆરસી પ્રકાશિત થઇ હતી.આસામમાં જ આવો દસ્તાવેજ છે.હવે તેના નાગરિકોની ઓળખ માટે તેને અપડેટ કરાઇ રહ્યો છે.તેના પર સુપ્રીમ કોર્ટની નજર છે. ૨૪ માર્ચ ૧૯૭૧ની કટઓફ ડેટ થકી નાગરિકતા નક્કી કરાઇ રહી છે.એ અગાઉથી જે લોકો આસામમાં રહેતા હતા તેમને જ નાગરિકો તરીકે ઓળખ મળશે.એ પ્રમાણે છેલ્લી યાદીમાંથી ૧૯ લાખ લોકોના નામ બહાર નીકળી ગયા છે. પરંતુ હજુ તેમને વધુ એક તક મળશે. તેઓ એક નિયત સમયમાં ફોરેનર્સ ટ્રીબ્યુનલનો સંપર્ક સાધી શકશે. તેમાં તેમણે એનઆરસીના રિજેક્શન ઓર્ડર સાથે સર્ટીફાઇડ નકલ અને અપીલ માટેની દલીલોના પુરાવા જમા કરાવવા પડશે.હાલમાં ૧૦૦ થી વધુ ફોરેનર્શ ટ્રીબ્યુનલ કાર્યરત છે. ટુંકમાં જ વધુ ૨૦૦ ટ્રીબ્યુનલ કાર્યરત કરાશે.હવે જો અરજદાર આવા ટ્રીબ્યુનલ સમક્ષ તેનો કેસ હારી જાય તો તે પછી હાઇકોર્ટમાં અને જરુર જણાય તો સુપ્રીમ કોર્ટમાં અરજી કરી શકે છે. જે માણસનું નામ અંતિમ એનઆરસીમાંથી કાઢી નંખાયું હોય અને તે ફોરેનર્સ ટ્રીબ્યુનલમાં કેસ હારી ગયો હોય તો તેની ધરપકડ થવા સંભવ છે.અને ડિટેન્શન સેન્ટરમાં મોકલી દેવાની શક્યતા રહી છે. આમ આ લોકો ૨૪ માર્ચ ૧૯૭૧ પહેલાના રહેવાસીઓ છે તેમ પુરવાર કરવાનું રહેશે.

યાદીમાં અનેક અસલી નાગરિકો બાકાત છે. આ બાબતની રાજ્ય સરકારે પણ કબુલાત કરી છે. આસામ સરકારના દાવા પ્રમાણે અનેક સાચા નાગરિકો એનઆરસીની યાદીમાંથી બાકાત રહી ગયા છે પરંતુ તેમણે ભય પામવાની જરુર નથી. કેમકે તેઓ




ટ્રીબ્યુનલમાં અપીલ કરી શકે છે.આસામના સંસદીય બાબતોના મંત્રી ચંદ્રમોહન પોટવારીએ કહ્યુ હતું કે સરકાર યાદીમાંથી બાકાત રહેલા લોકોને કાયદાકીય સહયોગ આપશે. તેમણે કહ્યુ હતું કે એ ખરુ છેકે અનેક અસલી ભારતીયો એનઆરસીમાંથી બાકાત રહી ગયા છે. જો કે તેમણે ચિંતા કરવાની જરુર નથી. કે ભય પામવાની જરુર નથી. તેઓ ફોરેનર્સ ટ્રીબ્યુનલમાં અપીલ કરી શકે છે.આ મામલે લોકોને કાયદાકીય સહયોગ રાજ્ય સરકાર આપશે એમ કહીને તેમણે કહ્યુ હતું કે અમે એફટીની સંખ્યા ૧૦૦થી વધારીને ૩૦૦ કરી છે.

ભાજપ તરફથી અપાયેલા એક નિવેદનમાં જણાવાયું હતં કે તેઓ અપડેટ કરાયેલા નેશનલ રજીસ્ટર ઓફ સીટીઝન્સ પર ખાસ કરીને આસામ માટે તૈયાર કરાયેલા એનઆરસી પર વિશ્વાસ રાખતા નથી. તેણે કેન્દ્ર અને રાજ્ય સરકારોને રાષ્ટ્રવ્યાપીચ એનઆરસી તૈયાર કરવાની અપીલ કરી છે. એક પત્રકાર પરિષદમાં આસામ બીજેપીના પ્રમુખ દાસે જણાવ્યુ હતું કે એનઆરસીમાં સત્તાવાર રીતે જણાવાયેલા આંકડાની સરખામણીમાં લોકોની બાદબાકીનો આંકડો ઘણો ઓછો છે.અમે એનઆરસી પર વિશ્વાસ રાખતા નથી.અમે નારાજ છીએ. દાસે કહ્યુ હતું કે તેમની પાર્ટી કેસોના ચુકાદા અને બાદબાકી કરાયેલી વ્યક્તિઓ દ્વારા ફોરેનર્સ ટ્રીબ્યુનલમાં અપીલની પ્રક્રીયા પર બારીકાઇથી નજર રાખશે.

જ્યો ભારતીય લશ્કરના નિવૃત જુનિયર કમિશન્ડ ઓફિસર મોહમ્મંદ સાનોલ્લાહની બાદબાકી કરાઇ છે. ચાલુ વર્ષે સાનોલ્લાહને વિદેશી નાગરિક જાહેર કરાયા છે. તેમની બે દીકરીઓ અને એક દીકરાની અંતિમ યાદીમાંથી બાદબાકી થઇ છે.સાનોલ્લાહ કારગીર યુધ્ધ લડ્યા હતા.અને રાષ્ટ્રપતિ મેડલથી નવાજીત થયા હતા.







## ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો

http://jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઇટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઇ શકાશે.૨

# ગરવી નવક્રાંતિ

દેશ ઐતિહાસિક મંદીના ખપ્પરમાં હોમાઇ રહ્યો છે તેવું અર્થશાસ્ત્રના નિષ્ણાતોનો અભિપ્રાય જાણીને પણ સરકારે ચેતવણી સમજીને પુરતા પગલાં ભરવા જરુરી છે.દેશમાં ચારે કોર બેરોજગારીની સ્થિતિ વધુ કઠિન બનતી જાય છે. ઓટોમોબાઇલ ઉદ્યોગ,કાપડ ઉદ્યોગ,ખાણ ઉદ્યોગ, સ્ટીલ ઉદ્યોગ,નાના અને લઘુ ઉદ્યોગો,બેન્કીંગ સીસ્ટમમાં રુકાવટો વિકાસનો ગ્રોથ અટકતો જાય છે. જેની અસરો જીડીપી પર પડી રહી છે. જીડીપીનો દર નીચો જઇ રહ્યો છે. ખેતીનું ક્યારે ચક્ર કેમ ફરે તે કહેવાય નહીં.મોઘવારી વધતી ચાલી છે. આર્થિક મંદીને મદદ રુપ થતા અનેક પરિબળો જોર શોરથી વહેવા લાગ્યા છે. ધીમે ધીમે તેની અસરો વર્તાવા લાગી છે. પરંતુ સત્તા સ્થાને બેઠેલા તેમના સત્તાના નશામાંથી બહાર આવ્યા લાગતા નથી. તેમને મન અન્ય કોઇએ સુચવેલા વ્યવહારુ ઉકેલો માન્ય નથી.દેશના પુર્વ વડાપ્રધાન મનમોહનસિંહે સુચવેલા કેટલાક સુચનો પર સરકારે વિચાર કરવો જોઇએ. માત્ર તેઓ વિપક્ષમાં હોવાથી તેમના સુચનો આવકાર્ય નથી એવું માનવું તે ભુલભરેલું અને દેશના હિતમાં નુકશાનકારક છે.ડો.સિંહના સમયમાં મંદીનો સમય આવ્યો હતો પરંતુ તેમણે એ સ્થિતિનો મુકાબલો જે રીતે કર્યો તેથી દેશમાં કોઇને આ બાબતે તકલીફોનો સામનો કરવો પડ્યો નહોતો.

વૈશ્વીક ટ્રેડ વોર અને અર્થતંત્ર મદીમાં સરી પડતાં શેરબજાર અને રુપીયો તેની અડફેટે આવી ગયા છે. સોનું ૪૦,૦૦૦રુની વિક્રમી સપાટી પર પહોચી ગયું છે.જે ૨૦૧૩ પછીની સૌથી ઉંચી સપાટી છે.શેરબજારમાં મંદીમાં રોકાણકારોએ એક જ દિવસમાં કરોડોનું નુકશાન વેઠ્યું છે.ક્રુડ ઓઇલ,કોલસો,રિફાયનરી પ્રોડક્સ અને નેચરલ ગેસમાં નેગેટીવ ગ્રોથ નોધાયો છે.ફર્ટીલાઇઝર, ઇલેક્ટ્રીસીટી, સ્ટીલ અને સિમેન્ટ ઉદ્યોગ પણ ચિંતાજનક સ્થિતિમાં છે.ત્યારે આ સ્થિતિને આર્થિક મંદી તરીકે ઓળખવી કે મંદી પહેલાની સ્લો ડાઉન તરીકે ?ટુંકમાં ભારતીય અર્થતંત્રની ગાડી ખોટકાઇ છે.મંદી માટે વૈશ્વિક કારણો અને સ્થાનિક પરિબળો પણ જવાબદાર હોય છે. વૈશ્વિકમાં ચીન અને અમેરિકાની ટ્રેડ વોર આપણને દઝાડી ગઇ છે.તેમની કરન્સીની અસરમાં આપણી કરન્સી પર પણ નકારાત્મક અસરો પડી છે.સ્થાનિક બજારોમાં અપેક્ષા મુજબની ખપત દેખાતી નથી. તેથી દિવાળીમાં ચમક રહેશે નહીં.

## મંતવ્ય

આસામમાં સીટીઝન્સની નોંધણીમાં ૧૯ લાખ લોકોના નામો નો હલ્લો મચ્યો ત્યાં દેશભરમાં નોધણી થવી જરુરી છે તેવો નવો ફતવો બંગાળ-ભાજપે બહાર પાડ્યો. પરિણામે દેશમાં પ્રજા પ્રજા વિરુધ્ધ ઉશ્કેરણી કરવાનું આયોજન વિધિસર ચાલુ કરવામાં આવ્યું. આસામમાં એવા કેટલાય લોકો છે જે વર્ષોથી દેશ માટે લશ્કરમાં પોતાની નોકરી કરીને નિવૃત થયા છે તેમના નામો કમી થયેલા હોવાના સમાચારોએ સરકારી લાલીયાવાડીની પોલ ખોલી નાંખી છે. અથવા તો જાણી જોઇને ઇરાદાપુર્વક આવું બન્યુ હોય તેમ પણ બની શકે. મતદાર યાદીઓમાંથી આવુ બને છે કે જ્યાંથી કોઇ પક્ષના નેતાને મત મળી શકે એમ ના હોય તેમના નામો ગુમ થઇ જાય છે તે આપણે દેશમાં શક્ય બને છે. ખેર, વિવાદો ઊભા કરવા અને પછી તેમાંથી બની શકે તેવી રીતે કસ કાઢી રાજકારણ રમવુ,ગરમ રાખવું તે કેટલાક કટ્ટરવાદીઓની રમત જોવા મળે છે. ખેર દેશના સાચા નાગરિકોને અન્યાય ના થાય તે જોવાનું રહેશે.

એમ.એમ.પરમાર


## ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ. શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ જહોન એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

## કેર કોમ્પ્યુટર સેન્ટર

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઇંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઇવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઇસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧


## દિલ્હીનું જાણીતુ ક્રિકેટ સ્ટેડિયમ ફિરોઝશા કોટલાને બદલે હવે અરુણ જેટલી સ્ટેડીયમ તરીકે ઓળખાશે



દિલ્હીનું જાણીતુ ક્રિકેટ સ્ટેડીયમ ફિરોઝશા કોટલા હવે પછીથી ભાજપના નેતા અને પુર્વ નાણામંત્રી અરુણ જેટલીના નામે ઓળખાશે.

દિલ્હી ક્રિકેટ સંઘે આ નિર્ણય લીધો છે.પુર્વ નાણામંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા એવા અરુણ જેટલી ડીડીસીએના અધ્યક્ષ પણ રહી ચુક્યા છે.

અરુણ જેટલી ૧૯૯૯થી ૨૦૧૩ સુધી ડીડીસીએના અધ્યક્ષ રહી ચુક્યા છે.પુર્વ નાણામંત્રી જેટલીનું નિધન ૬૬ વર્ષની વયે થયું હતું. આ સ્ટેડિયમનુ નામકરણ ૧૨ સપ્ટ.ના રોજ એક સમારોહમાં કરવામાં આવશે. આ સ્ટેડિયમમાં એક સ્ટેન્ડનું નામ વિરાટ કોહલી પણ રાખવામાં આવશે.જેની જાહેરાત કરવામાં આવી હતી.

રજત શર્મા હાલના ડીડીસીએના અધ્યક્ષે જણાવ્યુ હતું કે અરુણ જેટલીના કાર્યકાળમાં જ દેશને વિરાટ કોહલી, વિરેન્દ્ર સહેવાગ,ગૌતમ ગંભીર,આશિષ નહેરા જેવા પ્રતિભાશાળી ખેલાડીઓ મળ્યા છે. સ્ટેડીયમની સુવિધાને અત્યાધુનિક બનાવવાની સાથે પ્રેક્ષકોની ક્ષમતા વધારવા તથા વિશ્વ સ્તરીય ડ્રેસિંગ રુમ બનાવવાનો શ્રેય તેમને ફાળે જાય છે.

અરુણ જેટલી સ્ટેડિયમનુ નામાકરણ વિધિનો સમારંભ જવાહરલાલ નહેરુ સ્ટેડિયમ ખાતે યોજાશે જેમાં ગૃહમંત્રી શ્રી અમિત શાહ અને ખેલમંત્રી કિરણ રજજુ પણ હાજર રહેશે. તેમના નિધન પ્રસંગે મોટાભાગના ક્રિકેટરો શ્રધ્ધાંજલી આપી હતી.

## ઇડીની સુપ્રીમ કોર્ટની એફિડેવીટ મુજબ ચિદમ્બરમ વિશ્વભરમાં ખાતા અને સંપત્તિ ધરાવે છે તેને ચિદમ્બરના પરિવારનો પડકાર

આઇએનએક્સ મીડીયા કેસમાં પુર્વ કેન્દ્રીય નાણાંમંત્રી પી. ચિદમ્બર કેસના અન્ય આરોપો સાથે મળીને વિદેશોમાં રહેલી સંપત્તિ વેચી અને બેન્ક ખાતા બંધ કરીને પુરાવા સાથે ચેડા કરવા માંગે છે તેવો આરોપ મુકતાં ઇડીએ સુપ્રીમ કોર્ટમાં જણાવ્યુ હતું કે તપાસ પુરી કરવા માટે તેમની ધરપકડ કરી કસ્ટડીમાં પુછપરછ જરુરી છે.સુપ્રીમમાં રજુ કરેલી એફીડેવીટમાં જણાવાયું હતું કે કોગ્રેસ નેતા અને અન્ય આરોપીઓ આર્જેન્ટીના,ઓસ્ટ્રીયા,બ્રિટિશ વર્જિન આર્યલેન્ડ, ફ્રાંસ,ગ્રીસ,મલેશીયા,મોનાકો,ફીલીપાઇન્સ,સિંગાપોર,દક્ષિણ આફ્રિકા,સ્પેન અને શ્રીલંકામાં બેન્ક ખાતા અને સંપત્તિઓ ધરાવે છે.

જ્યારે ચિદમ્બરમના પરિવારે જણાવ્યુ હતું કે અમે સરકારને પડકાર આપીએ છીએ કે અમે વિશ્વમાં ગમે ત્યાં જાહેર કર્યુ ન હોય તેવું બેન્ક ખાતુ ધરાવતા હોઇએ અથવા તો તે અંગેનો એક પણ પુરાવો સરકાર રજુ કરે, અમને વિશ્વાસ છે કે આખરે સત્યનો વિજય થશે.અમને હતાશા એ વાતની છે કે મીડીયા પી.ચિદમ્બરમ સામેના પાયાવિહોણા આરોપો પર તદ્દન ચકાસણી કર્યા વગરના અહેવાલો પ્રસિધ્ધ કરી રહ્યું છે.

## દિવંગત રાજીવ ગાંધીને લીધે ભારત મજબુત બન્યું હતું : રાહુલ ગાંધી



કોગ્રેસના પુર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ પોતાના પિતાની યાદમાં તેમની સિધ્ધિઓને યાદ કરતાં કહ્યુ હતું કે રાજીવજીના સમયમાં પંજાબ,આસામ, અને મિઝોરામમાં થયેલી સમજુતીના કારણે આ રાજ્યોમાં વર્ષોથી ચાલતી હિંસાનો અંત આવ્યો હતો અને દેશ મજબુત થયો હતો.અરસ પરસ સન્માન,સહમતી,અને શાંતિપુર્વક સહ અસ્તિત્વની બુનિયાદ પર આ કરારોએ ભારતીય ગણરાજ્યને મજબુત બનાવ્યુ હતું.નોધવું રહ્યું કે રાજીવ ગાંધીની ૨૦મી ઓગષ્ટે ૭૫મી જન્મ જયંતી હતી. આ દરમિયાન સતત એક સપ્તાહ સુધી કોગ્રેસે અલગ-અલગ કાર્યક્રમો રાજીવ ગાંધીની યાદમાં કરી રહી છે.

મનુષ્યના ગળામાં રહેલા કાકડા રબર બોલ કરતાં વધુ ઉંચા ઉછળી શકે છે પરંતુ આ પ્રક્રિયા માત્ર ૩૦ મીનીટ સુધી જ થઇ શકે છે.



**વિનંતી**

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**

### જાણવા જેવું

જાન્યુઆરી ૨૦૦૯માં વિવિડ પિન્ક તરીકે ઓળખાતા ગુલાબી રંગના હીરાની હરાજી કરવામાં આવી હતી.આ હીરાની આસપાસ બે સફેદ હીરા જડવામાં આવ્યા હતા. અને ૪૩.૬ કરોડ રુપીયામાં તે વેચાયો હતો.

મારીયો બ્રાન્ડો દિગ્દર્શિત ફિલ્મ ગોડફાધરની ઓરીજીનલ સ્ક્રીપ્ટની હરાજી ૨૦૦૫માં કરવામાં આવી હતી ૧૭૩ પાનાની આ સ્ક્રીપ્ટના ૩ કરોડ,૧૨ લાખ રૂપીયા ઉપજ્યા હતા.


## કાર ભાડે મળશે



લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે



મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭

લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે



# મનસેના પ્રમુખ રાજ ઠાકરેની મની લોન્ડરીંગ કેસમાં સતત ૯ કલાક સુધી આકરી પુછપરછ



મહારાષ્ટ્ર નવનિર્માણ સેના પ્રમુખ રાજ ઠાકરેને ઈડીની મની લોન્ડરીંગ મામલામાં કથિત રીતે દોષિત ઠેરવ્યા હતા.બાદમાં તેઓ પરિવારના બે સભ્યો સાથે દક્ષિણ મુંબઈ સ્થિત ઈડીની ઓફિસે પહોચ્યા હતા.એમએનએસ નેતા ઠાકરે સવારે ૧૧.૧૫ કલાકે ઈડી કાર્યાલયે પહોચ્યા હતા અને રાત્રે ૮.૧૫ મીનિટે ઈડી ઓફિસમાંથી બહાર નીકળ્યા હતા. આ સમય દરમિયાન રાજ ઠાકરેની આકરી પુછપરછ થઈ હતી. અધિકારીઓના જણાવ્યા મુજબ ઈડીના અધિકારીઓએ ડીલની ઉચિત વિગતો મેળવવા માટે એક પ્રશ્નોની યાતી તૈયાર કરી છે. ઈડીના અધિકારીઓએ રાજ ઠાકરેની પુછપરછ કર્યા બાદ એમને છોડ્યા હતા. રાજ ઠાકરે ઈડી કાર્યાલયમાંથી બહાર નીકળ્યા ત્યારે તેમના વર્તનમાં કોઈ ખાસ પરિવર્તન જોવા મળ્યું નહોતું. જો કે આ મામલે ઈડીના અધિકારીઓ દ્વારા સતાતવાર કોઈ માહિતી સાંપડી નથી.એમને બીજી વખત પુછપરછ માટે બોલાવાશે કે નહી. અહીયા નોધવું રહ્યુ ખે ઈડી રાજ ઠાકરેની કોહિનુંર સીસીએનએલ અને આઈએલ એન્ડ એફએસ વચ્ચેની કથિત લેવડ-દેવડના મામલામાં પુછપરછ કરી હતી.રાજઠાકરેની ઈડી દ્વારા પુછપરછ કરવાના સમાચાર ફેલાતં મોટી સંખ્યામાં એમના સમર્થકો ઈડી કાર્યાલયની બહાર ઉપસ્થિત રહ્યા હતા.

# અર્થતંત્રની બેહાલી પર કોના પર જવાબદેહી મુકી શકાય : પ્રિયંકા ગાંધી



કોગ્રેસના મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડરાએ દેશનો આર્થિક વિકાસ દર(જીડીપી) છેલ્લા સાત વર્ષમાં સૌથી નિચલા સ્તરે પહોચ્યો છે. તે બાબતે તેમણે હાલમાં કેન્દ્રમાં રહેલી મોદી સરકાર પર પ્રહારો કર્યા હતા.તેમણે આરોપ લગાવ્યો હતો કે અચ્છે દિન ના બણગાં ફુકનારી ભાજપ સરકારે અર્થ વ્યવસ્થાની હાલતમાં પંકચર કરી નાંખ્યું છે. તેમણે આ સાથે સવાલ કર્યો હતો કે અર્થવ્યવસ્થાને નષ્ટ કરવા માટે જવાબદાર કોણ છે. પ્રિયંકા ગાંધીએ ટ્વીટ કરતાં કહ્યુ હતું કે જીડીપી દરથી એ સ્પષ્ટ થાય છે કે ભાજપ સરકારે અર્થવ્યવસ્થાની હાલતમાં પંકચર પાડી દીધું છે.હવે તો સ્પષ્ટ કરો કે અર્થ વ્યવસ્થાને નષ્ટ કરવાનું કામ કોનું છે ?


## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

**વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.**

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬


# વર્લ્ડ બેડમિંટન ચેમ્પીયનશીપ ભારતીય શટલર પી.વી.સિધુએ જીતી,વડાપ્રધાને શુભેચ્છા પાઠવી



બેડમિંન્ટન વર્લ્ડ ચેમ્પીયન જીતીને ભારત પરત ફરેલી પી.વી સિધુએ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની મુલાકાત લીધી હતી. ત્યારબાદ મોદીએ વિશ્વભરમાં ભારતીય તીરંગો લહેરાવનાર સિધ્ધુને વર્લ્ડ ચેમ્પીયનશીપનો મેડલ પહેરાવીને તેને સોનેરી ભવિષ્ય માટે શુભકામનાઓ આપી હતી.ત્યારબાદ રમત ગમત મંત્રી કિરણ રજજુએ સિધ્ધુને અભિનંદન સાથે રુપીયા દસ લાખનો ચેક પણ આપ્યો હતો.

# વડાપ્રધાન મોદી તેમજ ભાજપના ટ્રબલશુટર અરુણ જેટલીએ અંતિમ વિદાય લીધી


## જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક
9825169386



## ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬




દેશના પુર્વ નાણાં મંત્રી અરુણ જેટલીનું નિધન થયું છે. ભાજપે દિગ્ગજ નેતા, વ્યુહકાર અને ટ્રબલશુટર ગુમાવ્યો છે. તેમને સંપુર્ણ રાજકીય સન્માન સાથે નિગરબોધ પર અંતિમ સંસ્કાર કરાયો હતો.જેટલીનું ૬૬ વર્ષની વયે અવસાન થયું હતું. તેઓ દિલ્હીની એઈમ્સ હોસ્પીટલમાં સારવાર લઈ રહ્યા હતા. તેમને કેન્સર સહિત અનેક બિમારીઓ થઈ હતી.

તેઓ વકીલાત ક્ષેત્ર જોડાયેલા હતા.વિદ્યાર્થી ચળવળ માટે તેઓ એબીવીપી સાથે સંકળાયેલા રહ્યા હતા.રાજસભાના નેતા તરીકે સતત ૧૦ વર્ષ સુધી તેમણે કામગીરી કરી હતી.ભાજપમાં મોદી યુગનો પાયો નાંખવાનો મહત્વનો રોલ અરુણ જેટલીનો હતો.મોદીને વડાપ્રધાન પદ સુધી લઈ જનાર વ્યક્તિ તરીકે તેમની કઠીન કામગીરી રહી હતી. જેમાં પક્ષના કેટલાક પીઢ નેતાઓ તેમનાથી નારાજ હતા. અરુણ જેટલી અમૃતસરની સીટ પરથી ચુટણી હારી ગયા હોવા છતાં મોદીએ તેમને નાણાં મંત્રાલયની જવાબદારી સોપીં હતી.

વડાપ્રધાન મોદીનો અંગત સલાહકાર હવે તેમની વચ્ચે નથી જે તેમને ભારે ખોટ દર્શાવશે.


**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**

agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

# આસામના લોકો માટે કે જેમના નામો યાદીમાંથી કમી થયા છે તેમના મોટા ભાગના લોકોને વિદેશી ટ્રિબ્યુનલ વિશે માહિતી નથી તેમને સરકાર કેવી રીતે કાનુની મદદ આપશે ?

નાગરિકતા રજીસ્ટરમાંથી નામ કમી થવું કે બાકાત તે આસામમાં જેમના નામો બાકાત થયા છે તેમની સ્થિતિ પરથી જાણી શકાય કે પરિસ્થિતિ કેવી હોઇ શકે.હવે યાદીમાં નવેસરથી પોતાના નામ સામેલ થાય તે માટે ચારેકોર





અફરાતફરીનો માહોલ જામ્યો છે.આસામમાં હાલમાં આ મોટી સમસ્યા છે.યાદીમાં અપગ્રેડેશનમાં છીંડાની વ્યાપક ફરિયાદો મળી છે. એનઆરસી લિસ્ટમાંથી બહાર થયા પછી લોકોમાં જાગરુકતાનો અભાવ દેખાઇ રહ્યો છે.કેટલાકનું એકનું નામ છે અને પુરા પરિવારના નામો ગાયબ છે.ડિસ.૨૦૧૭ અને જુલાઇ ૨૦૧૮માં કમી થયેલા નામો અંગેના દસ્તાવેજો જમા કરાવ્યા હોવા છતાં નવી યાદીમાં તે નામો આવ્યા નથી.હવે લોકોને સમજાતું નથી કે શું કરવું ?

સરકારે જાહેરાત કરી છે કે જે લોકોના નામો એનઆરસીમાં નથી તેઓ આગામી ૧૨૦ દિવસમાં વિદેશી ટ્રીબ્યુનલમાં અરજી આપી શકે છે. આ માહિતી અત્યાર સુધીમાં લોકો સુધી પહોચી નથી. તેમને એવી પણ ખબર નથી કે જેમના નામો રજીસ્ટરમાં નથી તેમને સરકાર કાનુની મદદ આપશે. કેટલાકને એ પણ ખબર નથી કે હવે ક્યાં અને કેવી રીતે અરજી કરવાની છે.તેઓ વિદેશ ટ્રિબ્યુનલની વાત કરતાં કહે છે કે આવું નામ તો અમોએ સાંભળ્યું પણ નથી તો અરજી કેવી રીતે આપવી તે દુરની વાત છે. એક વાત સ્પષ્ટ છે કે જે લોકોના નામ રજીસ્ટરમાં નથી તેમના માટે જાહેર કરાયેલી સરકાર મદદની જાહેરાતો લોકો સુધી પહોચી નથી.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

**જય ક્રિશ્ચિયન**

૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૮૯
૯૮૨૪૩૬૨૪૬૨


# રાજીવ ગાંધીને પુર્ણ બહુમતી મળી હતી છતાં તેમણે તેનો ઉપયોગ ડર ફેલાવવા માટે કર્યો નહોતો : સોનિયા ગાંધી



કોગ્રેસના અંતરિમ અધ્યક્ષ સોનિયા ગાંધીએ પુર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીની જન્મજયંતિ પર કેન્દ્ર સરકારની મોદી સરકાર પર નિશાન સાધતાં કહયુ હતું કે રાજીવ ગાંધીને સંપુર્ણ બહુમતી મળી હતી,પરંતુ તેમણે એનો ઉપયોગ ડરનો માહોલ બનાવવા માટે કર્યો નહોતો.સોનિયા ગાંધીએ કહ્યુ કે રાજીવે દેશની પ્રગતિ માટે સાયન્સ અને ટેકનોલોજીનો ઉપયોગ કર્યો હતો.

રાજીવજીની યાદ આજે પણ આપણા હૃદયમાં છે,એ ભારતને મજબુત, સુરક્ષિત અને આત્મનિર્ભર બનાવવાની વાત કરતા હતા. રાજીવ ગાંધી એક એવા વડાપ્રધાન હતા જેમણે થોડા વખતમાં ભારતની એકતાની વાત કરી અને દેશની બુનિયાદી તસવીર બદલવા માટે કામ કર્યુ હતું. સોનિયા ગાંધીએ ઉમેર્યુ હતું કે એમનો જ નિર્ણય હતો કે ૧૮ વર્ષના યુવાનોને મતદાનનો અધિકાર મળે. પંચાયતો અને નગરપાલિકાઓને બંધારણીય દરજ્જો મળે. આજે પંચાયતો લોકતંત્રના પ્રથમ પગથિયા સમાન સાબિત થઈ છે.

રાજીવ ગાંધીએ ટેલીકોમ ક્રાંતિ કરવાનો સંકલ્પ કર્યો અને ટુંકાગાળામાં એ સંકલ્પ સિધ્ધ કરી દેખાડ્યો. તેમણે ટેકનિકની તાકાતનો ઉપયોગક ફકત પરમાણું ઉર્જા, અંતરિક્ષ અને મિસાઈલ થકી કર્યો.પરંતુ આ સાથે સામાજિક પરિવર્તન માટે ઝડપી કામ કરવા સાયંન્સ અને ટેકનોલોજીનો જળ અને કૃષિ ક્ષેત્ર માટે ઉપયોગ કર્યો હતો. રાજીવ ગાંધીએ બહુમતીનો ઉપયોગ ભયનો માહોલ તૈયાર કરવા માટે કે ડરાવવા માટે, ધમકાવવા માટે કર્યો નહોતો.

બેલ્જીયમનો ત્રણ માસનો સૌથી નાનો સેનાપતિ ડ્યુક ગોડફે ત્રીજો ઈતિહાસમાં ધી કેડલ ડ્યુક ના નામથી ઓળખાય છે.આ બાળ સેનાપતિ ઘોડીયામાં સુવાડીને યુધ્ધના મોરચે લઈ જવાતો હતો.

જ્હોન એફ કેનેડી ખુબ સારા વેન્ટ્રીલોકિવિસ્ટ એટલે કે અન્ય કોઈ વ્યક્તિ બોલે છે એ રીતે તેઓ બોલવાનું કૌશલ્ય ધરાવતા હતા.


**★ નીલા ફાઇનાન્સ ★**

**આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?**

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

**નીલા સી.ગામડીયા**

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.